# આણંદ યુનિવર્સિટીની પ્રયોગશાળા દ્વારા ખેડૂતોના ખેતરોમાં જૈવિક નિયંત્રકો અંગે જાગૃતિ સપ્તાહ



**આણંદ, તા. ૨૫**

જૈવિક નિયંત્રકો ખેતી પાકોમાં નુકસાન કરતી જીવાતોની જુદી જુદી અવસ્થાઓ જેવી કે ઈંડા, ઈયળ અને કોશેટા ઉપર આક્રમણ કરીને તેનો નાશ કરે છે. વધતી જતી વસ્તીની જરૂરિયાતો તેમજ વધુ ઉત્પાદન મેળવવાની લાલચમાં મનુષ્ય પાક સંરક્ષણ માટેના જુદા જુદા અભિગમો પૈકી સૌથી વધારે ધ્યાન રાસાયણિક કિટનાશકો ઉપર જ કેન્દ્રિત કરે છે.

આણંદ કૃષિ યુનિ.ના એઆઈસીઆરપી ઓન બાયોલોજીકલ કંટ્રોલ ઓફ ક્રોપ પેસ્ટ્સ વિભાગ દ્વારા જૈવિક નિયંત્રક જાગૃતિ સપ્તાહ, અભિયાન અંતર્ગત બોરસદ તાલુકાના ધર્મજ, બોચાસણ, દહેમી, દાવોલ તથા વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના જુદા જુદા ગામોમાં શાકભાજી પાકો જેવા કે રીંગણ, કોબીજ, ફ્લાવર અને ગુવારમાં ઉપયોગી જૈવિક નિયંત્રકો (ટ્રાઈકોગ્રામા ભમરી, લીલી પોપટીની ઈયળો તથા રીડુવીડ બગ)ના ઉપયોગ અને તેના ફાયદા અંગેની માહિતી આપી અને જૈવિક નિયંત્રકો ૫ હેક્ટર વિસ્તારમાં છોડવા માટેનું કાર્ય કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત ખેડૂતના ખેતરમાં જઈને ખેડૂતોને જૈવિક નિયંત્રણ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા અને પ્રયોગશાળામાં કરવામાં આવતી જુદી જુદી પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત કુદરતી રીતે ખેતરમાં હાજરી જોવા મળતી હોય તેવા જૈવિક નિયંત્રકોની ઓળખ, પાક સંરક્ષણ માટે ઉપયોગમાં લેવાતા રાસાયણિક કિટનાશકોની જૈવિક નિયંત્રકો ઉપર થતી આડઅસર, ટ્રાઈકોકાર્ડ અને જૈવિક કિટનાશકોના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપી અને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરેલ જૈવિક નિયંત્રણની માહિતી આપતી પત્રિકાઓ ખેડૂતોને આપવામાં આવી હતી.